ગાંધીનગર સમાચાર
તા. 3-૭-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

વરસાદ ખેંચાઇ રહ્યો છે

ગુજરાતી કહેવત છે કે વહુ અને વરસાદને કદી જશ ન હોય. વરસાદ ન આવે તો ચિંતા અને વધુ આવે તો પણ ચિંતા. વહેલો આવે તો ચિંતા અને મોડો આવે તો પણ ચિંતા. આ વરસમાં ૯૮ ટકા વરસાદ છે, તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે. હવે સંજોગો એવા થયા કે આ વરસે વરસાદ તેના ધાર્યા સમય કરતાં વહેલો પડ્યો. ગુજરાતમાં દર વરસે વરસાદ ૨૦મી જૂનની આજુબાજુ આવે છે. પરંતુ આ વરસે વીસ દિવસ વહેલો પડી ગયો. પ્રમાણમાં સારો પણ પડ્યો. કેટલીક જગ્યાએ તો કુલ મોસમનો ત્રીસ ટકા વરસાદ પડી ગયો. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાના પાણીની અછત સર્જાઈ હતી તે વહેલા વરસાદે હળવી કરી નાંખી. આ વરસે વરસાદ સારો છે તેમ માની ખેડૂતોએ વાવણી પણ કરી નાંખી. એકવાર વાવણીલાયક વરસાદ પડી જાય અને વાવણી થઈ જાય પછી કોંટા કૂટવા માટે વરાપ એટલે કે ગરમી નીકળવી જોઈએ. આ વરાપ પણ સારી નીકળી અને પાકના કોંટા પણ કૂટી ગયા.

હવે પાકને સારી રીતે ઊગવા માટે બીજા તબક્કાના વરસાદની જરૂર છે. આમ તો કોઈપણ પાકને સરેરાશ પંદર દિવસે એક પાણી(વોટરિંગ)ની જરૂર પડે. જો પંદર દિવસમાં આ પાણી ન મળે તો કોંટા સુકાવા માંડે. જોકે, છેલ્લા બે દિવસથી દક્ષિણ ગુજરાતમાં વરસાદના વાવડ આવવા માંડ્યા છે. પરંતુ આ વરસાદ દક્ષિણ ગુજરાતથી આગળ વધતો નથી, તે થોડી ઘણી ચિંતાનો વિષય બને છે.

વરસાદ એકવાર પડ્યા પછી જો ખેંચાઈ જાય તો ખેતી પંડિતો પાસે તેના ઉપાયો છે. જેમની પાસે કૂવા, તળાવ કે અન્ય કોઈ સિંચાઈની સગવડ હોય તે લોકો વરસાદ ન આવે તે સંજોગોમાં સપાટી પરના પાણીથી સિંચાઈ કરીને પાકને બચાવી શકે છે. પરંતુ આ તો માત્ર ૩૫ ટકા જમીન પર જ છે. આથી અન્ય કે ગુજરાતમાં સિંચાઈની સગવડ માત્ર ૩૫ ટકા જમીન પર જ છે. આથી અન્ય ૬૫ ટકા જમીન કે, જે માત્ર વરસાદી પાણઈ પર જ આધાર રાખે છે તેને માટે બીજો ઉપાય વિચારવો પડે. જો પાણીના અભાવે બિયારણ સુકાઈ જવા લાગે તો તેને કાઢી નાંખવું પડે અને પાછોતરા વરસાદની રાહ જોઈ નવું બિયારણ વાવવું પડે. એક પાક ન ઊગે ત્યારે બીજો કયો પાક પાછોતરા વરસાદથી લેવો તેનો આધાર જમીન કેવી છે, વરસાદ કેટલો મોડો આવે છે, કેટલો ઓછો આવે છે, વગેરે તમામ બાબતો પર છે અને આ બધી બાબતોનો ખ્યાલ રાખીને આ આયોજન કરવું પડે. જે તે જિલ્લાઓના ખેતી વિભાગ પાસેથી અથવા તો ખેડૂત કોલ સેન્ટર પર ફોન કરવાથી આ બાબતનું માર્ગ દર્શન મળી રહે.

જો વરસાદ ખેંચાઈ જાય તો અનેક પ્રશ્નો ઊભા થાય. ખેડૂતોને નવું બિયારણ ખરીદવાનો ખર્ચ તો થાય જ. પરંતુ કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા પણ સર્જાય. માલધારીઓ માટે પણ ઢોરને ચરાવવા માટે ઘાસ ન મળતાં સમસ્યા સર્જાય, એટલું જ નહીં પણ વરસાદ ખેંચાઈ જાય તો સ્થળાંતર વધી ગયાના દાખલાઓ પણ ધ્યાનમાં આવ્યા છે. જો જંગલ વિસ્તારમાં વરસાદ ઓછો પડે તો વનોને પણ નુકસાન થાય.

તો સારું એ ગણાય કે વરસાદની મોસમ શરૂ થતાં દર પંદર દિવસે એક ઘાણ(સ્પેલ) પડી જવો જોઈએ. જો આમ બને તો ખેતી માટે પાણી મળી રહે અને કેટલુંક પાણી જમીનમાં ઊતરતાં ભૂગર્ભ જળ પણ વધે. એટલું જ નહીં, પરંતુ વરસાદ ધીમી ધારે પડે તે વરસાદ જ કામનો ગણાય. જે વરસાદ એકદમ ઝાપટાં સ્વરૂપે પડે તે ઓછા સમયમાં વધુ પડે એટલે પાણી જમીનમાં ઊતરવાને બદલે પૂર આવીને વહી જાય અને ક્યારેક જમીનના ઉપરના પડને નુકસાન કરતું જાય. છેલ્લે આપણે ઉત્તરાખંડમાં જોયું કે આભ ફાટ્યું અને એકસાથે ખૂબ જ વરસાદ પડી ગયો અને તબાહી સર્જાઈ ગઈ.

માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ઈફેકિટવ પેરેન્ટીંગ્સનાં કાર્યક્રમથી સધાયો માતા-પિતા-બાળકો વચ્ચે સંવાદ

ગાંધીનગર, તા.૨

આજની ભાગદોડ ભરી જિંદગીમાં માતા પિતા પાસે બાળકો માટે કવોલિટી સમય બચ્યો નથી. ઈફેકટીવ પેરેન્ટીંગ્સથી બાળકો અને માતા પિતા વચ્ચે સુમેળભર્યો સંવાદ સર્જાય અને બાળકોની લાગણી સમજી એ પ્રમાણે ઘડતર થાય એવાં હેતુથી માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે ઈફેકિટવ પેરેન્ટીંગ્સનો કાર્યક્રમ યોજાઈ ગયો.

માઉન્ટ કાર્મેલનાં પ્રિન્સીપાલ સિસ્ટર રેણુકા અને પ્રી-પ્રાયમરીનાં સિસ્ટર શાંતિની અધ્યક્ષતામાં અને મેન્ટરશીપ હેઠળ આ સેમિનાર યોજાયો. પ્રાયમરી વિભાગનાં બાળકોનાં માતા પિતાની જવાબદારી માત્ર બાળકને સ્કૂલે મોકલવાની નથી પણ એને સમય, સમજ, વાતચીત, સારી ટેવો, સંસ્કાર જેવી નાની નાની રોજબરોજની ઘટનામાં એનામાં ઓતપ્રોત થઈ એને વાળવાની છે એવી અનેક નાની નાની વાતોમાંથી મોટી અને ફળદાયી શિખામણ મળે એવી મસ્ત મજાની ટ્રેનીંગ મમતા રાવલે આપી હતી. સતત એકધારી રોજબરોજની ભાષામાં અપાયેલી માહિતીથી માતા પિતા અવશ્ય કંઈક અપનાવી બાળકને એ પ્રમાણે ઘડશે એવું નક્કી લાગ્યું.

આજના તારીખે આ રીતનાં કાર્યક્રમો માતા-પિતા, બાળક અને શિક્ષક વચ્ચે સુમેળ ભર્યો સંવાદ સર્જે છે. માઉન્ટ કાર્મેલનો આ નવતર પ્રયોગ અભિનંદનને પાત્ર છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાજેતરમાં 'ગ્રીન વર્લ્ડ ડે'ની ઉજવણીના અનુસંધાને વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા આ પ્રસંગે શાળાને પણ પર્યાવરણ લક્ષી સૂત્રો અને ચિત્રોથી સજાવવામાં આવી હતી.

'ગ્રીન વર્લ્ડ ડે'ની ઉજવણી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તે હેતુસર શાળા પટાંગણમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ બેનરો અને સૂત્રો સાથે વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. વૃક્ષારોપણ નિમિત્તે અતિથિ વિશેષ તરીકે કમલેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ દરેક વિદ્યાર્થીએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લઈને વૃક્ષને ઉછેરવાની જવાબદારી સ્વીકારી હતી. આ નિમિત્તે વિદ્યાર્થીઓએ તમામ બુલેટીન બોર્ડને પર્યાવરણના વિષય પર વિવિધ સૂત્રો વડે સજાવી 'ગ્રીન ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ' બનાવી દીધી હતી.

જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ શિક્ષકોના તેજસ્વી તારલાઓને સન્માનાશે

સન્માન માટેના નિયત ફોર્મ ૧૫મી સુધી જમા કરાવવા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બળદેવભાઈ ચૌધરી અને વિક્રમસિંહ ચાવડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સભાસદ શિક્ષક ભાઈ બહેનોના તેજસ્વી સંતાનોનું સન્માન કરવામાં આવશે. જે અંતર્ગત નિયત ફોર્મ શિક્ષકભવન, સેક્ટર-૧૨ ખાતેથી મેળવી ભરીને પરત કરવા.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સભાસદ શિક્ષક ભાઈ બહેનોના તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવનાર છે તેમજ નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત કરવાના હોઈ નિયત ફોર્મમાં ચાલુ વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે તાલુકા સંઘના પ્રમુખ મંત્રીની ભલામણ સાથેની અરજી ૧૫મી જુલાઈ સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મંત્રીને પહોંચાડવાની રહેશે. નિયત ફોર્મ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના 'શિક્ષક ભવન' સેક્ટર-૧૨, ગાંધીનગરના કાર્યાલયેથી તેમજ તાલુકા સંઘના પ્રમુખ/મંત્રી પાસેથી મળી રહેશે. સમય બાદ આવેલી અરજીઓ ધ્યાને લેવાશે નહિ જેની સૌએ નોંધ લેવી.

બેસ્ટ એકટરનો એવોર્ડ જીતતા જનક ઠકકર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતી અને હિન્દી ફિલ્મ તથા સિરિયલના જાણીતા કલાકાર જનક ઠકકરને તાજેતરમાં રાજકોટ ખાતે તિહાઈ ગ્લેમર એવોર્ડમાં બેસ્ટ એકટરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તિહાઈ ગ્લેમર એવોર્ડ સમારંભમાં અધ્યક્ષ સ્થાનેથી વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા અને ગુજરાતી હિન્દી ફિલ્મના જાણીતા કલાકારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ જનકભાઈ ઠકકરનું સ્વાગત અને સન્માન કર્યું હતું. જાણીતા લેખક જય વસાવડા અને કાજલ ઓઝા વૈદ્યના શુભહસ્તે જનક ઠકકરને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. જનકભાઈએ આ પ્રસંગે પોતાની સફળતાનો શ્રેય ભગવાન, માતાપિતા અને મિત્રોને આપ્યો હતો તથા નામી અનામી સૌ કોઈનો આભાર વ્યકત કર્યો હતો.

એચબી કાપડીયા સ્કૂલમાં શિક્ષણ કાર્ય રાબેતા મુજબ શરૂ

અમદાવાદ, તા.૦૨

અમદાવાદના મેમનગર સ્થિત એચ.બી. કાપડીયા સ્કૂલમાં ફી વધારા મુદ્દે સર્જાયેલ વિવાદનો અંત આવતા આજથી શાળામાં રાબેતા મુજબ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો હતો. આંદોલન આટોપી લીધા બાદ આજે તમામ વાલીઓએ બાળકોને અભ્યાસ માટે શાળામાં મોકલ્યા હતા. જો કે તેમ છતાં શાળામાં નજીવો પોલીસ બંદોબસ્ત યથાવત રાખવામાં આવ્યો હતો.

કાપડીયા સ્કૂલમાં ફી વધારો પાછો ખેચાતા છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલ વાલીઓના આંદોલનનો અંત આવ્યો હતો. ફી વધારા મુદ્દે ચાલી રહેલા આંદોલનનો સુખદ અંત આવતા વાલીઓએ આજે પોતાના સંતાનોને શાળાએ અભ્યાસ અર્થે મોકલ્યા હતા. તેમજ આજે વાલીઓ ફી જમા કરાવા પણ પહોંચ્યા હતા. જેથી એક સપ્તાહના હાઈવોલ્ટેજ ડ્રામા બાદ આજથી સ્કુલ રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ હતી. આજે સવાર અને બપોર એમ બંને પાળીઓ રાબેતા મુજબ ચાલતા શાળાના સંચાલકો અને પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ફી વધારા મુદ્દે વાલીઓના આંદોલન બાદ શાળાના સંચાલકો દ્વારા ફી ઘટાડવા ઉપરાંત વાલીઓની અન્ય શરતો પણ માન્ય રાખી હતી.

ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશનમાં બે ડિપ્લોમા કોર્ષનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૨માં આવેલી ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશનમાં તાજેતરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના બે ડિપ્લોમા કોર્ષ શરૂ કરવામાં આવ્યા છે. જેનો ઉદઘાટન સમારંભ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાના અધ્યક્ષ સ્થાને અને ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજાના શુભ હસ્તે યોજાયો હતો.

ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજાના હસ્તે ડિપ્લોમા ઈન ગાઈડન્સ એન્ડ કાઉન્સેલીંગ તેમજ ડિપ્લોમાં ઈન એજયુકેશનલ એન્ડ મેનેજમેન્ટનો ઉદઘાટન સમારંભ યોજાઈ ગયો. તેમણે તેમના વકતવ્યમાં શ્રેષ્ઠ શિક્ષકોના નિર્માણ માટે આ પ્રકારના અભ્યાસક્રમો ખુબ જ ઉપયોગી બની શકે તેમ છે.

અધ્યક્ષીય ઉદબોધનમાં કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીના ઈન સર્વિસ ટીચર ટ્રેનિંગ પ્રોગ્રામની શૃંખલા અંતર્ગત આંતરરાષ્ટ્રીય કક્ષાના આ બે ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ થયા છે અને ૩૦-૩૦ની બેચમાં પ્રતિભાગીઓને સજ્જ કરવામાં આવશે જેમાં ટીચર એજયુકેશનમાં આજની સ્થિતિમાં જેનું પ્રભુત્વ છે તે ફિનલેન મોડેલને પણ આવરી લેવાશે.

આ પ્રસંગે ડૉ. દિમીબેન ઓઝા, પ્રિ. કલ્પેશભાઈ પાઠક તેમજ ડૉ. સુનિલ સાગર અને મનોજભાઈ ઉપાધ્યાયે વિવિધ સત્રોમાં માર્ગદર્શન આપ્યું હતું. કુલ સચિવ બિપીનભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ અભ્યાસક્રમની વ્યવસ્થા સંપન્ન થઈ છે.

ભાવસાર મિત્ર મંડળે તેજસ્વી વિદ્યાર્થીઓની માર્કશીટ મંગાવી

ગાંધીનગર, તા. ૨

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ આગામી દિવસોમાં યોજાશે. જે અંતર્ગત હોંશિયાર વિદ્યાર્થીઓ પાસેથી તેમના નામ સરનામા સાથેની માર્કશીટ મંગાવવામાં આવી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રમતગમત તેમજ શૈક્ષણિક ક્ષેત્રે દરેક ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવશે. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાના પરિણામ પત્રક-માર્કશીટની ઝેરોક્ષ નકલ ૩૧મી જુલાઈ-૨૦૧૩ સુધીમાં મંડળના હોદ્દેદારોને રૂબરૂમાં અચૂક મોકલી આપવી. ધોરણ-૧૦ અને ૧૨, સ્નાતક તેમજ વિશિષ્ટ અભ્યાસક્રમની માર્કશીટની બે ઝેરોક્ષ નકલો આપવી. બધી માર્કશીટો ઉપર વિદ્યાર્થીએ પોતાનું નામ, વાલીનું પુરૂ નામ, સરનામુ, અને ટેલિફોન નંબર દર્શાવવો એમ પ્રમુખ દ્વારા ખાસ જણાવાયું છે.

વનશ્રી ટ્રસ્ટે પ્રાથમિક શાળાના બાળકોનું સન્માન કર્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના વનશ્રી ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં જ સેકટર-૨૦ પ્રાથમિક શાળા નંબર-૨ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ અંતર્ગત મેડલ અને પ્રમાણપત્ર આપતો કાર્યક્રમ યોજાઈ ગયો.

શહેરમાં સ્થિત સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૦માં ધોરણ-૩ થી ૮માં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવનાર શાળાના બાળકોને વનશ્રી ટ્રસ્ટ દ્વારા મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટના અંજના નિમાવતે આ પ્રસંગે બાળકોને ભણતરનું મહત્વ અને કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. શાળાના શિક્ષકગણ દ્વારા યોગ્ય સહકાર મળી રહ્યો હતો એમ ટ્રસ્ટ દ્વારા જણાવાયું હતું. વનશ્રી ટ્રસ્ટના દર્શિત પુરોહિત દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

જે પ્રશ્નો આજે પેદા થયા છે તે પ્રજા અને સરકાર બંનેના છે, કુદરતમાં કોઈ સમસ્યા એકદમ આવતી નથી, એના એંધાણ કયારનાય આવી જતા હોય છે, આપણી પાસે બૌદ્ધિકોની આખી ફોજ છે, શાસન કરનારાઓમાં અને સરકારી અફસરોમાં પણ અનેક કામગરા અને સેવાને કેન્દ્રમાં રાખીને કામ કરનારા છે

ઉત્તરાખંડનો પ્રશ્ન અને ઉત્તર - ચિંતન સભા

- પ્રા. ડો. રાકેશ પટેલ

પ્રકૃતિ અને પુરૂષ (ઇશ્વર) નો મેળાપ એટલે ઉત્તરાખંડ. Land of Gods તરીકે ઓળખાતી આ ભૂમિએ ભારતીય પ્રજાને ખૂબ પ્રેમ અને ભક્તિ પ્રદાન કરી છે. માનવ માત્રને પોકારતી આ દેવભૂમિ આખરે તો તપોભૂમિ છે.

ઉત્તરાખંડને ઇશ્વરે ભરપૂર પ્રકૃતિ અને માનવ સમાજે સંસ્કૃતિ આપી છે. ઉત્તરાખંડની સૌંદર્યમંડિત ભૂમિ ૭૩ ટકા પર્વતીય વિસ્તારોથી ઘેરાયેલી છે. મહર્ષિ 'મહાભારત'ની રચના અહીં જ કહી હતી. 'ચિપકો આંદોલન' પણ આ પ્રદેશના લોકોની પ્રકૃતિ પ્રત્યેની જીવસટોસટની લડાઇના ઇતિહાસની ગવાહી પૂરે છે.

જે પ્રશ્નો આજે પેદા થયા છે તે પ્રજા અને સરકાર બંનેના છે. કુદરતમાં કોઇ સમસ્યા એકદમ આવતી નથી. એના એંધાણ કયારનાય આવી જતા હોય છે. આપણી પાસે બૌદ્ધિકોની આખી ફોજ છે. શાસન કરનારાઓમાં અને સરકારી અફસરોમાં પણ અનેક કામગરા અને સેવાને કેન્દ્રમાં રાખીને કામ કરનારા છે. જરૂર છે સૂત્રે મણીગળા ઇવ ઉક્તિ અનુસાર સાથે રાખીને કામ કરવાની, જેમ મણકાને એક સૂત્રે પરોવીએ છીએ તેમ.

કેટલાંક શ્રેષ્ઠ સંચાલનના (Best Management) સિદ્ધાંતોને અમલમાં મૂકવાથી આપત્તિનિવારણ સહજ રીતે થઇ શકે. કેટલાક કરવા જેવા આયોજકોની વાત કરીએ પછી ન કરવાના કામોની યાદી પણ જોઇએ. કોઇ પણ સરકાર આ સનાતન સિદ્ધાંતોને અનુસરે કરે તો આ દેશ કોઇની સામે હાર માને તેમ નથી. જેમ હમણાં ક્રિકેટમાં યુવાશક્તિએ 'ચેમ્પિયન ટ્રોફી' એક પણ મેચ હાર્યા વિના ભારતને અપાવી.

(૧) અનુભવીઓનો સાથ

આપણે ત્યાં કહેવત છે, "ગૈઢઅયાં વિના ગાડા ન વળે." વૃદ્ધો પાસે જિંદગીનો અનુભવ છે, તેનો લાભ લેવો. એવો ડેટાબેઝ તૈયાર કરવો જેમાં આપત્તિના સમયે કેવી રીતે પાર ઉતરવું તેની માહિતી આપનારાઓની યાદી હોય. આજ કાર્ય આપણા સવાયા ગુજરાતી શ્રી પ્રો. અનિલ ગુપ્તા (અ.ઇ.અ.ઇ.એ.મ. અમદાવાદ) સૃષ્ટિ ઇનોવેશનનાં નામે કરી રહ્યાં છે. પ્રતિ વર્ષ ભારતનાં કોઇ એક રાજયનાં જિલ્લાને સામેથી મળવા જાય છે. http://www.sristi.org/cms/ (SOCIETY FOR RESEARCH AND INITIATIVES FOR SUSTAINABLE TECHONOLOGYIES AND INSTITUTIONS) જે ગામમાં પહોંચ્યા ગામનાં વડીલો સાથે ગોષ્ઠી માંડીને તેમનાં ગાઢ અનુભવને ઓડિયો અને વીડિયો દ્વારા સંગ્રહીત કરવામાં આવે છે.

છેલ્લા પચાસ વર્ષોમાં આપણા દેશમાં ડિગ્રી મેળવીને કોઇ કૌશલ્ય હાંસલ કરવાની પદ્ધતિનો સ્વીકાર થયો. પૂર્વે આપણે ત્યાં જ્ઞાન પેઢી દર પેઢી આપવામાં આવતું. ગુરૂકુલો, આશ્રમોમાં તમામ પ્રકારનાં શિક્ષણની વ્યવસ્થા હતી.

(૨) બૌદ્ધિકોને અગ્રદૂત બનાવીએ

સમસ્યાઓનાં નિરાકરણ માટે જે કુશળ અને બૌદ્ધિક વર્ગ છે તેને પૂરી સહાય કરી તેના બૌદ્ધિક ધનને બરાબર રીતે સંચાલિત કરવું જોઇએ. તેમને અવારનવાર મળીને તેમની પાસે આધુનિક જ્ઞાન વૈભવ છે. ટેકનોલોજી આવે જ છે. તેને ત્વરીત રીતે ખરીદવી જોઇએ. અનેક વેબસાઇટ દ્વારા આપણને રોજ ટેકનોલોજીની અપડેટ મળતી રહે છે.

• www.technologyreview.com/.../how-japans-earthquake-and-tsu..

• *www.nbcnews.com/.../technology.../ideas-earthquake-prediction...*

by John Roach

(૩) રાજકારણમાં જવાની લાયકાતમાં સુધારો

જો વિમાન પરિચારિકાનાં ઇન્ટરવ્યુંમાં અનેક તકેદારી રાખવામાં આવતી હોય તો અનેક લોકોનું ભાવિ જેની સાથે જોડાયેલું છે, આખા દેશનું દુકાન જેને સોંપવામાં આવે છે તેવા ચૂંટણીમાં ઊભા રહેતા ઉમેદવારનો સાક્ષાત્કાર અને ડીગ્રી પણ ધ્યાનમાં લેવાવી જોઇએ. આખા દેશમાં તે બાબતે રાજકીય લોકોએ જ ઝુંબેશ ચલાવવી જોઇએ.

(૪) સેવાભાવી (એન.જી.ઓ) અને ધાર્મિક સંગઠનોની ભૂમિકા

આપણા દેશમાં કોઇ પણ આપત્તિમાં સેવાના ભેખધારી લોકો અને સંસ્થાઓનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. યાદ કરો કચ્છનાં ભૂકંપ વખતની દારૂણ સ્થિતિમાં આ સંસ્થાઓનો ફાળો. આજે પણ ઉત્તરાખંડની દુર્ઘટનામાં આખો દેશ અને સેવા કરનારી સંસ્થઆઓ સાથે છે. મુખ્યમંત્રી અથવા વડાપ્રધાન રાહતનિધિમાં લોકો દાન કરતા ખચકાય છે, જયારે ધાર્મિક સંગઠનોમાં પુષ્કળ દાન પ્રવાહ વહેતો હોય છે.

રાષ્ટ્રીય કક્ષાએ જેના પર અંકુશ મુકવા જેવા છે તેવા કાર્યો

● યુવા શક્તિને સતત શારીરિક શક્તિની અગત્યતા બાબતે જાગૃત કરવા અને ફિલ્મો અને ક્રિકેટની અગત્યતાને અંકુશિત રાખવી.

● ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ફરજિયાત સંશોધન

અને સમાજ સાથેની સક્રિય ભાગીદારી બાબતે આયોજન કરવું, જે સંસ્થાઓ માત્ર ડીગ્રી આપવાનું કામ કરે છે તેમની વેપારી વૃત્તિને ડામવી.

● મહિલાઓને સમાજ ઘડતર અને વિકાસમાં સામેલ કરવી. વાલીઓ ક્યારેક જવાબદારીમાંથી છટકવા લગ્નના શસ્ત્રને કામે લગાડે છે. લગ્ન એ જીવનનો એક પડાવ છે, એ જીવનનું અંતિમ સત્ય નથી. શિક્ષિત સમાજ કોઇ પણ સમસ્યાને બરાબર રીતે સમજી શકે છે અને તેનો ઉપયોગ બાબતે વિચારી શકે છે.